


# દાદાનું સંભારણું

રાજપરના ઠાકોરના ઘરે વિવાહની ધામધૂમ થવાની હતી. દીકરી પરણવાની હતી. ઠાકોરે સગાંવહાલાં બધાંને કંકોતરીઓ લખી. ટપાલમાં બીડી, પણ ખાસ ખાસ સગાંઓને કંકોતરી આપવા માણસ મોકલવો જોઈએ. માણસ ન મોકલે તો ખોટું લાગી જાય.

મરણ અને પરણ આ બે પ્રસંગ મોટા. એ સમયે આવીને ઊભા રહે તે સગાંસંબંધી કહેવાય. સુખદુ:ખમાં આવીને ઊભા રહે તે સાચા મિત્ર અને સાચાં સગાં કહેવાય. આવો પ્રસંગ હોય ત્યારે સગાંવહાલાં એકબીજાંને મળે છે.

ઠાકોરે વિચાર કર્યો કે દીકરીના વિવાહમાં કોઈને બાકી ન રાખવાં. બધાં સગાંને તેડાવવાં. કોણ કોણ સગાં છે એની યાદી કરવા માંડ્યા. એમાં દૂરના એક કુટુંબી હતા. દસ-વીસ ગાઉ છેટે એક ગામ. ત્યાંના એ ગરાસિયા.


તેમને હાથોહાથ કંકોતરી આપવી જોઈએ. ટપાલમાં મોકલે તો ખોટું લાગે કે અમારી કાંઈ કિંમત નથી.



ઠાકોરે તભા ભટને કહ્યું કે દસ ગાઉ છેટે ગામ છે. આવતાં રાત રહેવું પડે અને જતાંય રાત થાય. માટે મિયાં ફુસકીને સાથે લીધા હોય તો સારું. તભા ભટ સાથે જવાની વાતમાં તો ફુસકી મિયાં રાજી જ હોય. ઠાકોરે પણ હા કહી.

ફુસકી મિયાં અને તભા ભટ ચાલ્યા.

માલપુર પહોંચ્યા.



કરણસિંહ બાપુના ઘરે ગયા.

બાપુ ડેલીની બેઠકમાં બેઠા છે, પણ બારણાં વાસેલાં છે. ડેલીનાં બારણાં મોટાં.

એમાં એક નાની બારી.

એ બારી થોડી થોડી ઉઘાડી છે. બાપુ એ બારીની તડમાંથી જુએ કે કોઈ લેણા પૈસા લેવા આવે છે તો બારી બંધ કરી દે. પછી ભલે ને બહારથી કમાડ ધધડાવે. ધધડાવીને થાકે એટલે પાછો જતો રહે.


હવે ત્યાં તભા ભટ અને ફુસકી મિયાં પહોંચી ગયા.

બાપુએ જોયું કે હાથીના બચ્ચા જેવો કોઈ બામણ ચાલ્યો આવે છે.

ફુસકી મિયાં તભા ભટની પાછળ હતા એટલે તે દેખાયા નહીં.

બાપુએ વિચાર કર્યો કે આ બામણ માગવા આવતો હશે તો તો લોટ આપવો પડશે. જો કોઈ પરગામનો હશે અને કહેશે કે રાત રહેવાના છીએ તો તેનું પેટ ભરવા એક કિલો લોટના રોટલા જોઈશે. આવો ખર્ચ આપણને પોસાય નહીં. આમ વિચારીને બાપુએ ડેલીની બારી બંધ કરી દીધી.

"બાપુ... ઓ બાપુ....!"



આમ તભા ભટે પાંચ-દસ બૂમો પાડી. કપાળે પરસેવાનાં ટીપાં વળી ગયાં.

ફુસકી મિયાંએ આગળ જઈને ખોંખારો ખાધો. પછી બૂમ પાડી.

તભા ભટ બોલ્યા : "ખોટા ખોટા બરાડા ના પાડશો. જરા ધીમેથી બોલજો."

બાપુએ બૂમ સાંભળી. બાપુ વિચારમાં પડ્યા કે પહેલાંના જેવો આ બોલાટ નથી. ડેલીનાં કમાડની તિરાડમાંથી જોયું. ત્યાં તો ફુસકી મિયાં દેખાયા. તભા ભટ બાજુમાં હતા એટલે દેખાયા નહીં. બાપુએ વિચાર કર્યો કે આ તો કોઈ સિપાઈ લાગે છે.

કદાચ સરકારી પટાવાળો હોય. હમણાં સરકાર બાપુઓને કરજથી પૈસા આપે છે. આપણે પણ પાંચસો રૂપિયાની માગણી કરી છે. કદાચ આ પટાવાળો એ રૂપિયાની માગણીનો સરકારી ઉત્તર લઈને આવ્યો હોય.

આમ વિચારી બાપુએ અંદરથી પૂછ્યું : "કોણ છે?"

ફુસકી મિયાંએ મૂછે તાવ દઈને ભટજીને કહ્યું : "જોયું ને ભટજી! આ અમારી રાજદરબારી બૂમનું ફળ. એક જ બૂમે બાપુ બોલ્યા. તમે બૂમો મારીને થાકી ગયા પણ બાપુ બોલ્યા જ નહીં."

ત્યાં તો બાપુએ ફરીથી પૂછ્યું : "કોણ છો ભાઈ?"

ફુસકી મિયાં બોલ્યા : "એ તો અમે રાજદરબારી સિપાઈબચ્ચા! હા."

સિપાઈબચ્ચાનું નામ સાંભળ્યું એટલે બાપુને થયું કે નક્કી સરકારી માણસ હશે. આપણે રૂપિયા પાંચસોની માગણી કરી છે એનો ઉત્તર



લઈને સિપાઈ આવ્યો હશે. આમ માનીને બાપુએ તરત જ ડેલીની બારી ઉઘાડી અને ડોકું બહાર કાઢ્યું.

ત્યાં તો નમીને ફુસકી મિયાંએ સલામ ભરી અને તભા ભટે આશિષ આપ્યા.

બાપુએ તભા ભટને જોયા કે રીસ ચડી ગઈ. બાપુએ મનમાં વિચાર્યું કે કમબખ્ત આ બામણો ભારે પાજી લાગે છે. તેણે બૂમો પાડી એટલે આપણે ડેલી ન ઉઘાડી. ત્યાં આવ્યા હશે આ સિપાઈજી. તે બૂમ પાડશે એટલે આપણે બારી ઉઘાડીશું એમ સમજીને આ બામણો છુપાઈને ઊભો રહેલો. હવે નક્કી કંઈક માગશે.

આમ સમજીને બાપુ ગુસ્સે થઈ ગયા અને તભા ભટ સામે ડોળા કાઢી બોલ્યા : “ઓ... મહારાજ... તમે શીદ ઊભા છો?”

એટલે તભા ભટ કશું બોલ્યા નહીં અને પેલી કંકોતરી ઝટ ઝટ છોડવા માંડ્યા. કંકોતરી પોતાના ખેસને છેડે બાંધેલી હતી.

બાપુ બોલ્યા : “મોઢેથી બકો ને? પછી અમારે મોડું થાય છે. રાજકાજનાં કામ કરવા દો. ગોળા જેવાં પેટ લીધાં છે અને હાલી નીકળ્યા છો!”

ફુસકી મિયાં બોલ્યા : “બાપુ, જરા છોડવા તો દો. પછી જોજો કે શું છે. અમથા હાલી નીકળે એવા આ ભટજી નથી.”

બાપુ ડબ દઈને ડેલીની બારીમાંથી બહાર નીકળી આવ્યા અને હાથ લાંબો કરીને બોલ્યા : “રહેવા દો મહારાજ, રહેવા દો. અમારે તમારું કાંઈ નથી જોવું. અમારે ફુરસદ નથી. રાજનાં કામ કરવા દો.”



બાપુને એમ કે આ તભા ભટ કોઈ જાતનો ખરડો કે ફંડફાળો લેવા આવ્યા હશે. ફાળામાં નામ લખવાનું કાગળિયું છોડતા લાગે છે, પણ તે ભલે કાગળ છોડતા રહે. આપણે એ સિપાઈભાઈને

ડેલીમાં લઈ લઈએ અને બારણું વાસી દઈએ. આમ વિચારીને બાપુએ ફુસકી મિયાંનો હાથ પકડ્યો અને અંદર લઈ ગયા. તરત જ બારી વાસી દીધી.

ફુસકી મિયાં બોલ્યા : "પણ ભટજી બહાર રહી ગયા ને!"

બાપુ કહે : "એવા ભીખમંગાનો પાર નથી રહેતો. આ તો રાજદરબાર છે. એવા તો ચાલ્યા જ આવે. અમે તો દાનપુણ્ય કરી કરીને થાકી ગયા. કહો, તમે શું સમાચાર લાવ્યા?"

ફુસકી મિયાં બોલ્યા : "અમે કંકોતરી લઈને આવ્યા."

બાપુ મોઢું મલકાવીને બોલ્યા : "વાહ ભઈ વાહ! તમારા જેવા માણસો તો કંકોતરીઓ જ લાવે ને! તો ભલે આવ્યા."

બાપુ સમજ્યા કે આપણે સરકારમાં 500 રૂપિયા લેવા અરજી કરી છે એનો ઉત્તર લઈને આ સિપાઈ મિયાં આવ્યા છે. સરકારે 500 રૂપિયા કરજે આપવાની મંજૂરી આપી હશે. આવા સરસ સમાચાર કંકોતરી જ કહેવાય ને! એટલે મિયાં એને કંકોતરી કહેતા હશે.


બાપુ એકદમ ઊભા થયા અને ઘરમાં જવા ચાલ્યા. કહેતા ગયા : "જરા ઘરમાં કહી દઉં કે થોડી લાપસી વધારે બનાવે."

ફુસકી મિયાં નવાઈ પામી ગયા અને કંઈ બોલે એ પહેલાં તો બાપુ ઘરમાં જતા રહ્યા.

ફુસકી મિયાંએ ધીમેથી દરવાજાની બારી ઉઘાડી નાખી એટલે તભા ભટ અંદર આવ્યા.

ભટજી બોલ્યા : "આ બાપુ તો કેવા છે? અમને બહાર રાખ્યા અને તમને અંદર લઈ ગયા?"

મિયાં બોલ્યા : "બાપુ છે મજેદાર. લાપસીનું જમણ અમારા અને તમારા માટે બનાવવાની ગોઠવણ કરે છે."



ત્યાં તો બાપુ પાછા આવ્યા. મોઢું મલકાવતા આવતા હતા, પણ તભા ભટને જોયા કે રીસ ચડી ગઈ.


બાપુ બોલ્યા : "મહારાજ! હમણાં તમે જાઓ. અમારે સરકારી કામકાજ કરવાનાં હોય અને તમે હોળાયાની પેઠે આવીને બેસી ગયા? તમે સિપાઈસાહેબ, આ બારી શીદ ઉઘાડી?"

મિયાં બોલ્યા : "બાપુ! આ તભા ભટ જ કંકોતરી લઈને આવ્યા છે. અમે તેમની સાથે છીએ."

"હેં...!" બોલીને બાપુ તભા ભટ સામે જોઈ રહ્યા. હવે બાપુને સાંભર્યું કે માળું! આ સાચેસાચી કંકોતરી હશે કે શું?

બાપુ બોલ્યા : "કંકોતરી?"

તભા ભટ બોલ્યા : "હા જી, કંકોતરી. રાજપરના ઠાકોરનાં દીકરી પરણે છે. આપને કંકોતરી આપવા આવ્યા છીએ." આ વાત સાંભળતાં જ બાપુની બધી આશા ઓસરી ગઈ અને બધી હોંશ હવા થઈ ગઈ. રીસ એવી ચડી કે બન્નેને ધક્કા મારીને બહાર કાઢે. પણ રાજપરના ઠાકોરની કંકોતરી લઈને આવ્યા છે, આવકાર આપવો પડે.



બાપુ બોલ્યા : “આ બામણ મહારાજને શું બીક લાગતી હતી કે તમે તલવારો બાંધીને સાથે આવ્યા ?”

મિયાં બોલ્યા : “અમે સાથે હોઈએ પછી બીક તો શું પણ બીકનો બાપેય લાગે નહીં. હા, અમે સિપાઈબચ્ચા! વિચાર કર્યો કે માલપુર ગામ જોયું નથી તે જોઈશું. બે દહાડા રહીશું અને ગામ જોઈશું.”

બાપુને થયું કે માળા! આ બે દહાડા રહે તો દસ કિલો લોટના આ રોટલા ભટજી ઉડાવી જાય. દહાડામાં બે વાર જમે. પાંચ કિલો વિના આ બામણનું પેટ ભરાય એમ નથી. માટે ઝટ ભગાડવા જોઈએ. બાપુએ તભા ભટને રસોઈ કરવા કહ્યું. લોટ અને દાળ કાઢી આપ્યાં. ચૂલો સળગાવવા માટે લીલાં છાણાં આપ્યાં. તભા ભટ ઘણું સળગાવે, ફૂંકો મારે પણ છાણાં કેમે કરતાં સળગે નહીં. ધુમાડાના ગોટા નીકળે અને ભટજીની આંખમાં પાણી આવે. ફુસકી મિયાં બેઠા બેઠા ટગર ટગર જોઈ રહ્યા છે. વિચારે છે કે આ બાપુએ હેરાન કરવાની ગોઠવણ કરી છે. ઠીક, થાય તે ખરું. જેમતેમ રસોઈ કરી દાળ ને રોટલા કરીને બેઠા. ઘીની રાહ જુએ છે ત્યાં બાપુ આવ્યા અને  કહે : “કરો હરિહર.”

ફુસકી મિયાં કહે : “પણ ઘી-બી કંઈ ?”

બાપુ બોલ્યા : “અમારે આખા ઘરને ઘી ખાવાની બાધા છે. સોમનાથની જાત્રા કરીશું પછી જ ઘી ઘરમાં લાવીશું. એ વિના ઘરમાં ઘી લવાય નહીં.” ઠીક ભાઈ. લૂખા રોટલા ને દાળ જમ્યા. સાંજ પડી એટલે બાપુએ એક ઓરડામાં સૂવાની સગવડ કરી. ઓરડો જૂના જમાનાનો હતો.



નીચે પથારી પાથરી. શિયાળાનો દિવસ છે. ઓઢવા માટે પાતળી એવી એકેક ગોદડી આપી દીધી.

ઓરડામાં ખાડાખડિયા હતા.

બાપુએ કહ્યું : "આ ઓરડો. આ તમારી પથારી છે."

ફુસકી મિયાં અને તભા ભટે જોયું. ત્યાં એક મોટો ઢોલિયો પડેલો. જૂના જમાનાનો અને વજનદાર.

ફુસકી મિયાં બોલ્યા : "બેવકૂફી કરી છે ને? આ ઢોલિયો એમ ને એમ પડ્યો છે અને પથારી નીચે કરી છે. આ ખાડાખડિયામાં કેમ કરીને સુવાશે?"

બાપુ પાછા આવી ગયેલા. વાત સાંભળી ગયા અને બોલ્યા : "મોજથી સુવાશે. વાત કરશો મા એ ઢોલિયાની. અમારા બાપદાદાનું સંભારણું છે. એના પર કોઈથી બેસાય નહીં."


બાપદાદાનો પલંગ છે એમ જાણ્યું એટલે ફુસકી મિયાં ચિડાઈ ગયા. પલંગ સામે ઘડીક તો તાકીને જોઈ રહ્યા.

બાપુ બોલ્યા : "જુઓ છો શું? આવા પલંગ તો બડા બડા રાજા-મહારાજાના મહેલમાં પણ નહીં હોય."

મિયાં બોલ્યા : "રાજામહારાજાઓના મહેલમાં આવા પલંગ નથી એટલે તો એ સુખી થયા છે અને આપને ત્યાં દુઃખનો પાર નથી."

આ વાત સાંભળતાં જ બાપુને રીસ ચડી ગઈ.


બાપુ બોલ્યા : "જોઈ લો મિયાંજી, આ ખીંટીએ શું લટકે છે?"



મિયાં બોલ્યા : “આહાહાહા! લટકે છે તલવાર, પણ હવે એ કાટ ખાશે.”

બાપુ બોલ્યા : “કાટ નહીં ખાય પણ તમારા જેવાનાં માથાં કાપશે. અમારા બાપદાદાના પલંગનું અપમાન કરનાર તમે કોણ? એ તલવાર પણ અમારા બાપદાદાનું સંભારણું છે. હવે જો બાપદાદાના પલંગનું અપમાન કર્યું છે તો બાપદાદાની એ તલવાર વડે જ તમારું માથું ઉડાવી દઈશ.”

મિયાં બોલ્યા : “ઓ બાપુ! અમારા બાપદાદાએ પણ એવી એક બેવકૂફી કરી હતી. નકામા જેવા જોડા મૂકી ગયેલા. એ જોડાએ તો અમને જેલમાં નખાવ્યા અને હેરાન હેરાન કરી મૂક્યા હતા. તમે તો બાપુ! બાપદાદાનો આવડો મોટો પલંગ અને તલવાર રાખી મૂક્યાં છે! પછી તમારે માથે દુઃખ જ હોય ને? આ પલંગને તો



ઝટ બાળી મૂકો અને ઊંડો ખાડો ખોદીને એ તલવારને દાટી દો. હા, બાપદાદાની વસ્તુઓ અપશુકનિયાળ હોય છે. ઘરમાં રાખીએ ત્યાં સુધી સુખી થઈએ નહીં.”

ત્યાં તો મિયાંએ ભીંતે લટકતું મોટું એક ઘડિયાળ જોયું.

મિયાં બોલ્યા : “અને આ ઘડિયાળ પણ તમારા બાપદાદાની નિશાની હશે, કેમ?”

બાપુ બોલ્યા : “હા હા હા, હવે જો એકેય અક્ષર બોલ્યા તો જીવતા નહીં રહો. ક્યારનુંય તમારું માથું ઉડાવી દીધું હોત, પણ તમે રાજપરના ઠાકોરની

કંકોતરી લઈને આવ્યા છો એટલે મારાથી કંઈ થઈ શકતું નથી. પણ હવે જો બોલ્યા તો ખેર નથી. તમારા જેવા ત્રણ બદામના સિપાઈડા અમારા બાપદાદાનાં સંભારણાંની હાંસી-મજાક ઉડાવે એ અમે કદી સહન કરીએ નહીં."

બાપુની આ વાત સાંભળી કે ફુસકી મિયાં ગરદન વાંકી કરીને કંઈ કહેવા જતા હતા કે તભા ભટે કહ્યું : "મિયાં! તમે ચૂપ રહો. બકબકાટ ના કરશો. વાતમાં સમજો."

બાપુ બોલ્યા : "હવે નહીં સમજે તો માથું ગયું સમજો."

આમ બોલીને બાપુ બહાર નીકળી ગયા.

ફુસકી મિયાંએ ઝટ ઝટ પોતાની પથારી ઉઠાવી લીધી. લઈને બીજી બાજુ નાખી. જ્યાં સૂવા જાય છે ત્યાં સામે જ તલવાર લટકતી જોઈ. મિયાં એકદમ ઊભા થઈ ગયા અને પથારી ઉઠાવવા માંડ્યા.

તભા ભટ બોલ્યા : "વળી શું થયું?"

મિયાં બોલ્યા : "થયું બાપુના બાપદાદાનું કપાળ. આ તલવારનું ઠોઠું સામે જ લટકાવી મૂક્યું છે."

ભટજી કહે : "ભલે ને લટકે. તમારું શું જાય છે?"

મિયાં બોલ્યા : "એ બાપદાદાની અપશુકનિયાળ તલવાર સામે લટકતી હોય તો અમને ઊંઘ આવે જ નહીં."

ફુસકી મિયાંએ પથારી ઉઠાવી અને બીજી બાજુ પાથરી દીધી. સામે જુએ તો ઘડિયાળ લટકે છે.

'હત્ તેરે કી...' આમ બોલીને વળી ફુસકી મિયાંએ પથારી ઉઠાવવા માંડી.

ભટજી બોલ્યા : "વળી શું થયું?"

મિયાં બોલ્યા : "જોતા નથી કે સામે



બાપદાદાનું કમબખ્ત ઘડિયાળ લટકે છે? સામે એવી અપશુકનિયાળ વસ્તુ હોય તો ઊંઘ જ આવે નહીં."

વળી ફુસકી મિયાંએ પથારી લપેટી લીધી.

હવે વિચાર થઈ પડ્યો કે પથારી કરવી ક્યાં? એક બાજુ તલવાર, બીજી બાજુ ઘડિયાળ. ગમે ત્યાં પથારી પાથરે તો એક વસ્તુ સામે આવે છે. હવે શું કરવું? ક્યાં પથારી પાથરવી? ફુસકી મિયાંએ તો પથારીનો વીંટો બનાવ્યો અને માથે બેસી ગયા. લમણે હાથ દઈને વિચારમાં પડી ગયા. તભા ભટ જોઈ રહ્યા.

ભટજી બોલ્યા : "એમ બેઠા કાં?"

ફુસકી મિયાં કહે : "ત્યારે શું કરીએ? હવે તો આખી રાત આમ જ બેસી રહેવું પડશે. પથારી પાથરવી ક્યાં? જ્યાં પાથરીએ ત્યાં સામે બાપદાદાની અપશુકનિયાળ વસ્તુ દેખાય છે. એ જોઈએ ત્યાં સુધી અમને ઊંઘ આવે નહીં."

ભટજી બોલ્યા : "જુઓ, એમ જાગતા બેસાય નહીં."

મિયાં બોલ્યા : "તો શું કરીએ?"

ભટજી કહે : "ઓરડાની વચ્ચોવચ પથારી કરો. મોઢું રાખો અમારા ભણી. આ બાજુની ભીંત ખાલી છે. ત્યાં જોશો તો કશું નહીં દેખાય."

મિયાં રીસથી બોલ્યા : "અક્કલના ઓથમીર છો ને?"

ભટજી કહે : "કેમ?"



મિયાં બોલ્યા : "ભીંતે કંઈ નથી એ સાચું, પણ ભીંત સામે મોઢું રાખીએ તો બીજી ભીંત તરફ માથું રહે. એ ભીંતે તો બાપદાદાનું ઘડિયાળ લટકાવ્યું છે."

ભટજી બોલ્યા : "એ ભીંત તો માથા પાછળ રહેશે. માથા પાછળ ઘડિયાળ આવશે પછી દેખાવાનું નથી."

મિયાં બોલ્યા : "માથા ઉપર એ અપશુકનિયાળ ઘડિયાળ રહે એટલે માથું જ ભમાવી મૂકે."

ભટજી બોલ્યા : "તમારે ઓરડામાં તો વચ્ચોવચ પથારી કરવાની છે, પછી કશો વાંધો નહીં."


આમ ભટજીએ ઘણું સમજાવ્યા પણ ફુસકી મિયાં માન્યા નહીં. તે તો પથારીના વીંટા ઉપર બેસી રહ્યા.


ભટજી કહે : "તો તમે બેસો. અમને આવે છે ઊંઘ."

ફુસકી મિયાં બેઠા તો ખરા, પણ આંખોમાં ઊંઘ ભરાવા માંડી. બાપુએ ફાનસ મૂકેલું, પણ એમાં ઘાસલેટ ખૂટી ગયું. ફાનસ હોલવાઈ ગયું. હવે અંધારું ઘોર. અંધારામાં તો ફુસકી મિયાંને ગભરામણ થાય.

આંખો બંધ કરી દીધી.

આંખો બંધ કરીને બેસી રહ્યા.





એમ બેસતાં પણ થાક તો લાગે જ. વળી ઊંઘ પણ માંડી ચડવા. પછી ઊંઘ માંડી વધવા અને ફુસકી મિયાં માંડ્યા લથડિયાં ખાવા. લથડિયું ખાઈ જાય. બાજુમાં લથડી પડે. વળી પાછા બેઠા થઈ જાય. એમ કરતાં ખરેખરી ઊંઘ ચડી. પાકી ઊંઘ આવે ત્યારે કશું ભાન રહે નહીં. ફુસકી મિયાંનું પણ એમ જ થયું. લથડીને ઢળી પડ્યા અને પડ્યાં પડ્યાં ઊંઘવા માંડ્યા.

જેવા વિચાર કરીએ એવું સપનું આવે.

સપનું એટલે વિચાર.



જાગતા હોઈએ ત્યારે પણ વિચાર તો ચાલ્યા જ કરે છે. આપણું મગજ એક પળ પણ શાંત રહેતું નથી.

જે વાતની બહુ ચિંતા કરીએ એ વાત સપનામાં દેખાય.

ફુસકી મિયાંનેય સપનું આવ્યું. જાણે કે પોતાના માથાની પાછળ ટક ટક એવો બોલાટ થયો. ફુસકી મિયાંએ પાછળ જોયું. ત્યાં તો ટક, ટક, ટક, ટિકટિક કરતું પેલું ઘડિયાળ હસી પડ્યું. ફુસકી મિયાંને નવાઈ લાગી.


ઘડિયાળ બોલ્યું અને તરત ઘડિયાળ ચાલુ થઈ ગયું! બરાબર જોયું તો ઘડિયાળ હસી રહ્યું છે. રીસ કરીને મિયાં બોલ્યા : “ઓ ઓ બેવકૂફ? હસે છે કેમ? બાપદાદાના અપશુકન લઈને અહીં લટકી રહ્યું છે!”


ત્યાં તો પેલો પલંગ ખડ ખડ ખડ કરતો ઘોઘરા સાદે હસી પડ્યો.

મિયાંએ નવાઈ અને રીસથી એની સામે જોયું અને બોલ્યા : “ઓ ઘરડા ખૂરાંટ, તું શીદ ફૂટલા હાંડલાની પેઠે હસે છે?”

પલંગ બોલ્યો : “તમારા જેવા મૂરખાઓને જોઈએ તો હસવું જ આવે ને?”

મિયાં બોલ્યા : “મૂરખો તો છે આ કરણસિંહબાપુ કે તમને અપશુકનિયાળને રાખી મૂક્યાં છે. બાપદાદાની જૂનીપુરાણી વસ્તુઓ હોય ત્યાં દુઃખ જ હોય.





ઘડિયાળ વળી કટકટાક ટક ટક કરતું હસ્યું. મિયાં ચિડાઈને બોલ્યા : "એ... તારી ટકટકાટી બંધ કર ખડખડ પાંચમ!"


ઘડિયાળ બોલ્યું : "તમે આ કરણસિંહબાપુને બેવકૂફ કહ્યા એ બરાબર છે, પણ અમને અપશુકનિયાળ કહો છો એ તમારી બેવકૂફી છે."

મિયાં બોલ્યા : "હેં...?"


ઘડિયાળ કહે : "હા."

મિયાં ફુસકીને ચડી રીસ. પોતાને કોઈ બેવકૂફ કહે એ તો સહન થાય જ નહીં. મિયાં એકદમ ઊભા થઈ ગયા.

ફુસકી મિયાંને આમ સપનું આવી રહ્યું છે અને સવાર પણ થઈ ગઈ છે. કરણસિંહબાપુ જાગી ગયા છે અને થોડે દૂર બેઠાં બેઠાં દાતણ કરે છે. તભા ભટ ક્યારના ઊઠી ગયા છે, પણ લોટો લઈને બહાર દિશાએ ગયા છે. ફુસકી મિયાં આખી રાત જાગેલા. માંડ માંડ મોડેથી ઊંઘ આવી ગઈ હતી. એવામાં સપનું આવ્યું.



સપનામાં ને સપનામાં ફુસકી મિયાં બેઠા થઈ ગયા અને ઘડિયાળને કહે છે : "કરણસિંહબાપુ તો બેવકૂફ છે એમ તેં માની લીધું એ તો સરસ, પણ તું અમને બેવકૂફ કહેનાર કોણ? અમે સિપાઈબચ્ચા, હા. અમને બેવકૂફ કહે તેના દાંત તોડી નાખીએ. અમે બેવકૂફ શાના?"



ઘડિયાળ બોલ્યું : "તમે બેવકૂફ એટલા માટે કે અમને અપશુકનિયાળ કહો છો. અમે તો ખરેખરા શુકનવાળા છીએ. એ વાત ન સમજે તે બેવકૂફ. તમે એ વાત નથી સમજતા."

મિયાં રીસ કરીને બોલ્યા : “તો અમે બેવકૂફ, એમ ને?”

ઘડિયાળ બોલ્યું : “હા જ તો! હજાર વાર.”

આમ કહીને ઘડિયાળ હસ્યું. એટલે તો ફુસકી મિયાંને ખરેખરી રીસ ચડી ગઈ.

મિયાં બોલ્યા : “અમને બેવકૂફ કહે છે અને ઉપરથી હસે છે?”

મિયાં રીસથી બેઠા થયા અને બાંયો ચડાવી. આંખોના ડોળા તતડાવ્યા અને બોલ્યા : “હેં... તું સડેલું પુરાણું, ખડખડ પાંચમ જેવું ઘડિયાળ મને હસે છે?”

ઘડિયાળ વળી હસ્યું.

મિયાં બોલ્યા : “હસ મા હોં!”

ઘડિયાળ વળી હસ્યું.

ફુસકી મિયાં ઊંઘમાં ને ઊંઘમાં બેઠા થયા. ઘડિયાળને ભીંતેથી ઉતારી લીધું અને ઉઠાવીને જે કર્યો ઘા, તે જઈ પડ્યું આંગણામાં.

ખરેખર એ સમયે મિયાંની ઊંઘ ઊડી ગઈ હતી. સાચોસાચ બેઠા થઈ ગયા અને ઘડિયાળને ફેંકી દીધું.

